# શું તમારી પાસે ઇન્ટરનેટ સુવિધા ધરાવતો સ્માર્ટ ફોન છે?

## યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ) દ્વારા ડીજીટલ બનો.

એક એવી સુવિધા કે જેના દ્વારા ઇન્ટરનેટ ધરાવતા મોબાઇલ ફોનનો ઉપયોગ કરીને બે બેંક ખાતાઓ વચ્ચે નાણાની લેવડ દેવડ (Transfer) કરી શકાય છે



**તમે આ સુવિધાનો ઉપયોગ કરી શકો છો જો..**

- તમારો મોબાઇલ નંબર તમારા બેંક ખાતા સાથે જોડાયેલ હોય અને
- તમારી પાસે એટીએમ/ડેબિટ કાર્ડ હોય

તમે યુપીઆઇ પર વ્યવહારો (Transactions) કરવા માટે બીએચઆઇએમ (ભીમ) એપ્લીકેશન, કોઇપણ બેંકની એપ્લીકેશન અથવા ત્રાહિત પક્ષની એપનો ઉપયોગ કરી શકો છો. ઉદાહરણ તરીકે, બીએચઆઇએમ (ભીમ) એપમાં એક વાર નોંધણીની પ્રક્રિયા નીચે સમજાવેલ છે

## એક વારની નોંધણી પ્રક્રિયા

૧ બીએચઆઇએમ (ભીમ) એપ ડાઉનલોડ કરો

૨ એપ ખોલો, ડીવાઇસની નોંધણી માટે એક એસએમએસ (SMS) મોકલો

૩ લોગ ઇન પાસકોડ બનાવો અને તમે લોગ ઇન કર્યા પછી બેંક ખાતું પસંદ કરો

૪ તમારું વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ (વીપીએ) અથવા યુપીઆઇ આઇડી એ તમારો મોબાઇલ નંબર @upi રહેશે

૫ એટીએમ કાર્ડના છેલ્લા છ અંક, એટીએમ કાર્ડની અવધિ પુરી થવાનો મહિનો અને વર્ષ અને તમારા મોબાઇલ નંબર પર પ્રાપ્ત થયેલ ઓટીપી (OTP - વન ટાઇમ પાસવર્ડ) ટાઇપ કરીને યુપીઆઇ પીન બનાવો

- તમારા યુપીઆઇ પીનનો ઉપયોગ કરીને, તમે માત્ર લાભાર્થીના વર્ચ્યુઅલ એડ્રેસની જાણકારી મેળવીને કોઇપણ લાભાર્થીને સરળતાથી નાણા મોકલી શકો છો.
- જો લાભાર્થીનું વર્ચ્યુઅલ એડ્રેસ ન હોય તો આઇએફએસસી અને ખાતા નંબર દ્વારા લાભાર્થીને નાણા મોકલવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે.

**ઝડપી 24X7તુરંત ટ્રાન્સફર**
**(રીયલ ટાઇમ ટ્રાન્સફર)**



Design: Anupam Sharma01/17

UPI

**નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ**

**ભારતીય રિઝર્વ બેંક**

www.rbi.org.in